વડીલોને વંદન અભિનંદન

ઠાકોરલાલ મગનલાલ નાયક
(૧૯૨૯)ફોન: ૨૩૨૬૧૪૭૪

કાંતિભાઈ બહેચરભાઈ પટેલ
(૧૯૪૩)ફોન: ૨૩૨૨૮૯૬૭

લૂંટારૂઓએ આધેડને તેના મકાનમાં જ પૂરી દીધાં હતાં

પાલનપુરમાં આધેડને બેભાન બનાવી લૂંટ કરનારા બે ઝબ્બે

પોલીસ ડોગ સ્કવોડની મદદથી લૂંટારૂ શખ્સો સુધી પહોંચી : અનેક લૂંટના ભેદ ઉકેલાય તેવી શક્યતા

પાલનપુર,તા.૧

પાલનપુરમાં હાઈ-વે પર હનુમાન ટેકરી પાસે આરાધાન સોસાયટીમાં એક આધેડના મકાનમાં બે અજાણ્યા ઈસમો ઘુસીને ઘરમાં એકલા બેઠેલા ઈસમને ઢોર માર મારી ઘરમાં પડેલા રોકડ રકમ તેમજ અન્ય વસ્તુઓ લૂંટીને મકાન બહારથી બંધ કરીને બંને ભાગી છુટ્યા હતાં જ્યારે ઘવાયેલા ઘરમાલિક દરવાજો ખોલવા માટે સગાને ફોન કરી બોલાવી બહારથી દરવાજો ખોલાવતા તેમને તાત્કાલિક સિવિલમાં સારવાર માટે લઈ ગયા હતાં. આ અંગે પશ્ચિમ પોલીસચોકીએ જાણ કરતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કલાકોની ગણતરીમાં જ આજ વિસ્તારની નજીક સુખબાગ રોડ ઉપર રહેતાં બે ઈસમોને લૂંટેલા મુદ્દામાલ સાથે ઝડપી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં હાઈ-વે વિસ્તારોમાં સોસાયટીમાં ચોરીઓ અને લૂંટની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થતાં રહીશોની ઉંઘ હરામ થતી જાય છે જ્યારે ૨૮-૧૨-૨૦૧૨ના રોજ ધોળા દિવસે હાઈ-વે પરની આરાધના સોસાયટીમાં રહેતા નરેન્દ્રભાઈ એમ. જાની જે શુક્રવારે ઘેર એકલા હતાં તે દરમિયાન સુખબાગ રોડ પર રહેતાં બે ઈસમોએ અચાનક ઘરમાં ઘુસી જઈને મકાન માલિક કંઈ સમજે તે પેહલાં તેમને ગડદાપાટુ મારી બેભાન કરી નાંખ્યા હતાં, ત્યારબાદ લૂંટારૂ શખ્સોએ તિજોરીમાં પડેલા રૂપિયા ૪૦હજાર જેવીરકમ લઈને પલાયન થઈ ગયા હતાં. આ અંગે શહેરના પશ્ચિમ વિભાગના પીઆઈ એ.કે.ગઢવી, શહેર પીઆઈ આર.બી.દેસાઈએ ડી.સ્ટાફ સુમેરસિંહ, મુકેશભાઈ, પ્રકાશભાઈ, અયુબ ખાનનો આ કાફલો લૂંટ થયેલી જગ્યાએ પહોંચી ગયો હતો, જેમણે ડોગ સ્કવોર્ડ અને એફએસએલની મદદથી તપાસ હાથ ધરી હતી અને બે શખ્સોને મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતાં.

પાલનપુરમાં માથુર વૈશ્યગુમા સમાજ દ્વારા દિલ્હી ગેંગરેપનો ભોગ બનેલ સ્વ. દામિનીને શ્રદ્ધાંજલિ અર્પવા માથુર વૈશ્ય ગુમા સમાજની મહિલાએ હાથમાં મીણબત્તી પ્રગટાવી મૌન પાળી મૃતકને શ્રદ્ધાંજલિ અર્પી હતી. જેમાં બિન્નીબેન ગુમા, સુજાતા ગુમા વગેરે મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

છેલ્લા ઘણા વર્ષોથી માર્ગ અકસ્માતોની ઘટનાઓ રોજબરોજની ઘટના બની છે ત્યારે પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ કેન્દ્ર સરકાર પુરસ્કૃત નવા વર્ષના પ્રથમ સપ્તાહ એટલે કે આજે સને - ૨૦૧૩ની તા. ૧-૧-૨૦૧૩ થી તા. ૭-૧-૨૦૧૩ સુધી પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા પોલીસ અને આર.ટી.ઓ.ના સંયુક્ત ઉપક્રમે જીવન ચલાવો - દારૂ પી વાહન ન ચલાવોની થીમ પર ૨૪મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં પોલીસ તંત્ર અને નાગરિકો જોડાઈ માર્ગ સલામતી અંગે સંદેશો ફેલાવી રહ્યા છે.

શહેરના પ્રવેશદ્વાર નજીક સ્થિત શાહપુર સર્કલ આકર્ષણ જમાવશે

વાઈબ્રન્ટ પૂર્વે સર્કલ વિકસાવવાનું કામ પૂર્ણ કરાશે

ગાંધીનગર, તા.૧

શહેરના મુખ્ય પ્રવેશદ્વાર નજીક સ્થિત શાહપુર સર્કલને વિકસાવવાનું કામ શરુ કરી દેવાયું છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે સર્કલનો સિનારીયો બદલાઈ જશે. શહેરના સર્કલો બાદ હવે શહેરના પ્રવેશદ્વારે પણ સર્કલો આગવી ઓળખ સમાન બનશે. અગાઉ આ વિસ્તાર અકસ્માત ઝોનમાં ફેરવાતા અહીં સર્કલનું નિર્માણ કરાયું હતું.

શાંત અને હરિયાળા નગરની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોની કાયાપલટ થતા માર્ગોની ઓળખ પણ જાણે બદલાઈ ગઈ છે. કર્મચારીનગર સર્કલોની નગરી તરીકે પણ ઓળખાય છે. વર્ષો પૂર્વે સર્કલ વિકાસની આ યોજના અન્વયે શહેરના વિવિધ સર્કલોને થીમ બેઈઝ વિકસાવવામાં આવ્યા હતા.જયારે આ સર્કલોની જાળવણીની જવાબદારી પણ સંસ્થાઓને સોંપવામાં આવી હતી. જયારે વાઈબ્રન્ટ સમિટ પૂર્વે સર્કલોની જાળવણીનું કામ પણ શરુ કરી દેવાયું છે. બીજી તરફ શહેરના પ્રવેશદ્વાર નજીક સ્થિત શાહપુર સર્કલને વિકસાવવાનું કામ પણ શરુ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તંત્ર કક્ષાએથી આ સર્કલને વિકસાવવાની દરખાસ્ત અન્વયે રક્ષા યુનિવર્સિટીને મંજુરી આપી દેવાઈ છે. જેના આધારે સર્કલ વિકાસની યોજનાનું કાણ પણ શરુ કરી દેવાયું છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે સર્કલનો નઝારો બદલાઈ જશે. અગાઉ આ વિસ્તારમાં સર્કલના અભાવે અકસ્માતોનું પ્રમાણ વધતા જનઆક્રોશ ભભૂક્યો હતો. જેના અંતે અહીં નવું સર્કલ બનાવાયું હતું. પ્રવેશદ્વાર નજીક સ્થિત નવ નિર્મિત સર્કલ હવે આકર્ષણ જમાવશે.

કેબીસીમાં ગુજરાતી દંપત્તિ સાડા બાર લાખ જીત્યું

જોડી સ્પેશ્યલ એપીસોડમાં જૂનાગઢના દંપત્તિએ સાડા બાર લાખની રકમ જીતી ગુજરાતને ગૌરવ અપાવ્યું

ગાંધીનગર, તા. ૧

સોની ટી.વી. પરથી પ્રસારીત થતાં કોન બનેગા કરોડપતિ - સીઝન-૬માં ગુજરાતના જૂનાગઢના કનોરીયા દંપત્તિએ ૧૨.૫૦ લાખની રકમ જીતી હતી. આ દરમિયાન તેઓએ અમિતાભ બચ્ચન સાથે જાત-ભાતની વાતોનો દોર ચલાવી માહોલને આનંદભર્યો બનાવ્યો હતો.

કોન બનેગા કરોડપતિના જોડી સ્પેશ્યલ એપીસોડમાં જૂનાગઢના દંપત્તિ કશ્યપ જેયંતિલાલ કનેરીયા અને તેમના પત્નિ પ્રિતી કનેરીયા હોટ સીટ સુધી પહોંચ્યા હતા. કનેરીયા દંપત્તિ સાથે અમિતાભ બચ્ચને રસપ્રદ વાતો કરી હતી અને વધુ રકમ જીતે તો હનીમૂન પર પેરીસ જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કનેરીયા દંપત્તિની સગાઈ ૬ નવેમ્બરના રોજ થઈ હતી અને તાજેતરમાં લગ્ન થયા હતા. પિતાને અકસ્માતમાં ઈજા થતાં લગ્ન બાદ હનીમૂન પર જઈ શકાયું ન હોવાનું જણાવી આ દંપત્તિએ કેબીસીમાં વધુમાં વધુ રકમ જીતીને રોમ પેરિસ હનીમૂન પર જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

જૂનાગઢના વતની કશ્યપ કનેરીયા બી.ટેક થયેલા છે અને તેમના પત્નિ પ્રિતીબેન બીસીએ થયા છે. શનિવારે અને રવિવારે હોટ સીટ પર બેસી આ દંપત્તિએ બીગ બી દ્વારા પૂછાતા વિવિધ પ્રશ્નોના ઉત્તરો આપી પોતાની કાબેલીયત દર્શાવી હતી અને આઠ પ્રશ્નોના ઉત્તર આપી રૂ. ૧૨.૫૦ લાખની રકમ મેળવી હતી. નવમા પ્રશ્નના જવાબમાં ફોન અ લાઈફ લાઈનનો ઉપયોગ આ દંપત્તિએ કર્યો હતો. પરંતુ સાચો ઉત્તર ન મળી શકતા કનોરીયા દંપત્તિએ ગેમ છોડવાનો નિર્ણય કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન અમિતાભ બચ્ચન દંપત્તિ સાથે ફેરફુદરડી પણ ફર્યા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આજે ૧લી જાન્યુઆરી માર્ગ સલામતી સપ્તાહના પ્રારંભે જ પાલનપુરના ડેરી રોડ પર માર્કેટ યાર્ડ નજીક સર્જાયેલા અકસ્માતમાં ટ્રેક્ટર ચાલક નહેરસિંહ ડાભીનું ચાલુ ટ્રેક્ટર પરથી નીચે પટકાતા કરૂણ મોત નિપજ્યું હતું.

રાજ્યમાં હાડ થીજવી નાંખતી ઠંડી યથાવત : નલિયામાં ૩.૪ ડિગ્રી

અમદાવાદ, તા.૧

ઉત્તર ભારતમાં થયેલ હીમવર્ષા અને ઠંડા પવનો વચ્ચે ગુજરાતમાં હાડ થીજવી નાખતી ઠંડીનો પ્રકોપ યથાવત રહ્યો છે. જેમાં મંગળવારે ૩.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યુ હતું. નલિયામાં તાપમાનનો પારો ગગડતા વર્તમાન સિઝનનું સૌથી નીચુ લઘુતમ તાપમાન નોધાયુ હતું. જ્યારે અમદાવાદમાં ૧૧.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતુ. જ્યારે ૨૬.૯ ડિગ્રી મહત્તમ તાપમાન નોધાયુ હતું.

રાજ્યમાં મોટાભાગના શહેરોનું તાપમાન ૧૫ ડિગ્રી કરતા નીચુ નોંધાતા લોકો કડકડતી ઠંડીમાં થથરી ઉઠ્યા હતા. ઠંડા પવનનાં કારણે લોખોએ ઘરની બહા નીકળવાનું ટાળ્યુ હતું. મંગળવારે અમદાવાદ ઉપરાંત પાટનગર ગાંધીનગરમાં લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી, ડીસામાં લઘુતમ તાપમાન ૧૦.૨ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં લઘુતમ તાપમાન ૧૩.૮ ડિગ્રી, વડોદરામાં ૧૪.૪ ડિગ્રી, સુરતમાં ૧૬.૫ ડિગ્રી, વલસાડમાં ૧૩.૬ ડિગ્રી, રાજકોટમાં ૧૦,૭ ડિગ્રી, અમરેલીમાં ૧૨.૨ ડિગ્રી મહુવામાં ૧૩.૯ ડિગ્રી, સુરેન્દ્રનગર ૧૨.૯ ડિગ્રી, દ્વારકામાં ૧૪.૬ ડિગ્રી, ઓખામાં ૧૮.૬ ડિગ્રી, પોરબંદરમાં ૧૨.૮ ડિગ્રી, વેરાવળમાં ૧૫.૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જ્યારે આગામી ૨૪ કલાકમાં ઠંડીના પ્રમાણમાં વધારાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

નલિયામાં રહેતા લોકોએ આજે સૌથી વધારે ઠંડીનો અનુભવ કર્યો હતો. દેશમાં હાલ કાતિલ ઠંડી પડી રહી છે. ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીના કારણે મોતનો આંકડો સતત વધી રહ્યો છે. મોતનો આંકડો હવે ૧૦૦ની નજીક પહોંચી ગયો છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં તાપમાનમાં હાલ ઉતારચઢાવની સ્થિતી જોવા મળી રહી છે. આ પ્રકારની સિઝનના કારણે ઈન્ફેક્શનના કેસોમાં વધારો થયો છે.

તૈયારીઓ આરંભે છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. પંચાયતોના રોટેશનમાં કરાયેલા ફેરફારો અંગેના આદેશો પંચ અગાઉ જાહેર કરી ચુકયું છે જે ઉલ્લેખનીય છે.

ચંટણી પંચ જે દિવસે ચૂંટણીની જાહેરાત કરશે તે જ દિવસથી તે જિલ્લામાં આચાર સંહિતાનો અમલ શરુ થઈ જશે. પંચાયતોની સ્થાનિક કક્ષાએ ચૂંટણી લડાતી હોવાથી રાજકીય પક્ષો તેમાં સીધા જોડાતા નથી. નગરપાલિકા અને તા. પંચાયત તેમજ જિલ્લા પંચાયતોમાં રાજકીય પક્ષો સંકળાતા હોય છે.

ચૂંટણી પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ કરતાં પૂર્વે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક યોજવામાં આવશે.

વધારો ઝિંકાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂચનાઓ મુજબ અગાઉ કોઈ કારણસર જો વર્ધી રદ કરવામાં આવતી હતી તો માત્ર સામાન્ય ચાર્જ ડિપોઝીટમાંથી વસુલવામાં આવતો હતો. તેના બદલે હવે જો પાંચ દિવસ અગાુ કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવે તો બસદીઠ કિમી થયેલા હથે તે પ્રમાણેનો ચાર્જ અથવા ક્લાક પ્રમાણેનું ચાર્જ વસુલવામાં આવશે. આ મુજબ જોઈએ તે સ્લીપર કોચમાં ૩૫૦૦, એસી કોચમાં ૪૫૦૦ તેમજ વોલ્વો કોચમાં ૫૦૦૦ સુધી વસુલાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ભાજપ શાસનના ૧૧ વર્ષમાં એસટી નિગમે ૫૦૦૦ કરતા વધુ બસના રૂટો ગ્રામ્ય વિસ્તારમાં બંધ કર્યા હતા. ત્યારે દોશીએ આક્ષેપ કરતા જણાવ્યું છે કે મુખ્યમંત્રી દ્વારા વિવિધ ઉત્સવો અને મેળાઓમાં કોઈ પણ પ્રકારની આગોતરી જાહેરાત વિના વારંવાર બસ રૂટો કેન્સલ કરી લાખો મુસાફરોને હેરાનગતિમાં મુકી દીધા હતા. છેલ્લા ૧૧ વર્ષમાં એસટી નિગમે પ્રજાને સુવિધા આપવાને બદલે મુખ્યમંત્રીને વ્હાલા થવા ફાળવવામાં આવેલી બસોના ભાડા પેટે સરકાર તરફથી લખો રૂપિયાની થતી લેણી રકમ સામે એક પાઈ પણ ચુકવવામાં આવી નથી.

અંદાજપત્રને બહાલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધરખમ ઘટાડો સૂચવવામાં આવ્યો છે. આ મર્યાદામાં ૨૦૧૨-૧૩ની સરખામણીએ રૂ. ૩૦૦ લાખ દેટલો ઘટાડો સૂચવવામાં આવ્યો છે.

ચાલુ નાણાંકીય વર્ષમાં ચૂંટણીનું વર્ષ હોવાથી સભ્યોએ સ્વભંડોળમાંથી વિકાસના કામો સૂચવવા માટે રૂ. ૪૦૨ લાખની જોગવાઈ કરતો પ્રસ્તાવ પસાર કરી વિકાસના કામો સૂચવ્યા હતા. નવા નાણાંકીય વર્ષમાં રૂ. ૧૦૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આજની કારોબારી સમિતિની મળેલ બેઠકમાં વિકાસના કામોની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ જે કામો અધુરા છે તેમાં ગતિ લાવવા માટે કડક તાકિદ કરવામાં આવી હતી. આ બેઠકમાં ગત મિટિંગની કાર્યવાહી નોંધને પણ વહાલી આપવામાં આવી હતી.

અસુરિયા ગામ નજીક નેશનલ હાઈવે પરનો બનાવ

ભરૂચ પાસે વાહનની અડફેટે બે જૈન સાધુના મોત નિપજ્યાં

અમદાવાદ, તા. ૧

ભરૂચના અસુરિયા ગામ નજીક નેશનલ હાઈવે પર આજે સવારે ૭ વાગ્યે કોઈ અજાણ્યા વાહનની અડફેટે બે જૈન સાધુઓના મોત નિપજતા જૈન સમાજમાં ભારે ગમગીની ફેલાઈ હતી.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે ભરૂચના ઝાડેશ્વરથી વિહાર કરીને ચાર જૈન સાધુઓ અસુરિયા ગામ તરફ જઈ રહ્યા હતા. ત્યારે નેશનલ હાઈવે પર ભરુચથી ૫ કિ.મી. દૂર કોઈ અજાણ્યા વાહને અડફેટમાં લેતા સાનશેખરવિજયજી મ.સા. અને હસ્તગીર વિજયજી મ.સા.ના મોત નિપજ્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભરૂચની ચાર જૈન સાધુઓ સાત શેખર વિજયજી મ.સા., હસ્તગીરી વિજયજી મ.સા., પ્રેમ સાગર વિજયજી મ.સા. અને પ્રેમસુંદર વિજયજી મ.સા. સવારે ૭ વાગ્યાના સુમારે વિહાર કરીને નેશનલ હાઈવે પરથી જઈ રહ્યા હતા. ત્યારે સાન શેખર વિજયજી મ.સા. અને હસ્તગીરી વિજયજી મ.સા. વિહાર કરતાં પાછળ રહ્યા હતા અને પ્રેમ સાગર વિજયજી મ.સા. અને પ્રેમસુંદર વિજયજી મ.સા. આગળ હતા ત્યારે કોઈ અજાણ્યા વાહને અડફેટમાં લેતા જ્ઞાન શેખર વિજયજી મ.સા. અને હસ્તગીરી વિજયજી મ.સા.નું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. હાઈવે પર એક બાઈકચાલકે આ અકસ્માતની ઘટના જોતા જ તેમણે આગળ વિહાર કરી રહેલા બંને જૈન સાધુઓને માહિતી આપતાં તેઓએ પરત ફરીને ભરૂચના જૈન અગ્રણીઓને જાણ કરી હતી.

આ બનાવની સમગ્ર જૈન સમાજમાં ભારે ગમગીની વ્યાપી ગઈ હતી. અને અકસ્માતના બનાવની તપાસ કરીને અજાણ્યા વાહન ચાલકને ઝડપી લેવાની માંગ ઉઠી છે.

ડીસા તાલુકાના માણકી ગામે રહેતા એક આશાસ્પદ યુવક ગત ૩૦મી ડીસેમ્બર-૨૦૧૨ના રોજ પોતાના ઘરેથી સાસરીયે જવાનું કહી રવાના થયો હતો. જોકે બે દિવસથી ગુમ થયેલ આ યુવકની આજે સવારે આગથળા ગામ પાસેથી મૃતદેહ મળી આવ્યો હતો. આ મૃતદહે પર ઈજાના નિશાનો મળતાં પોલીસે અજાણ્યા હત્યારા વિરુદ્ધ ખુનનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

શબ્દાવલી - ૪૯૩૯



આડી ચાવી

૧. કચ્છમાં...ની ખાંભીઓ છે (૬)
૬. સ્કૂલમાં સાહેબને... કહે છે (૨)
૭. સિંહની ગર્જના (૩)
૮. રસકાર, અવાજની હલક (૩)
૧૦. ધડામ જેવો અવાજ (૩)
૧૨. દાલ..., એક વાનગી (૨)
૧૩. પુનમનું અજવાળું હોય અને... નું અંધારૂં હોય (૩)
૧૫. વિશ્રામ (૩)
૧૭. એક વાદ્ય (૪)
૧૯. ડૂબી જવું,... થઈ જવું (૩)
૨૧. પાણીચું, નોકરીમાંથી નિકાલ (૩)
૨૨. કર, વેરો (૩)

ઊભી ચાવી

૧. એક વનસ્પતિ, ઔષધી (૪)
૨. મોટો લીટો (૪)
૩. બારણે બંધાય (૩)
૪. યુધ્ધ કર, ... (૨)
૫. માફી માગવા જમન પર... ભકણી (૪)
૯. ખૂણો માપનારૂં ઓજાર (૫)
૧૧. આડુઅવડું જોયા કરવું તે (૩)
૧૪. શાંતિ, ... ન થવું (૨)
૧૫. ઉગ્ર (૩)
૧૬. મોહનથાળ જવી વાનગી (૩)
૧૮. લોકજીભે કહેવાતી વાતો (૩)
૨૦. બાતલ, કેન્સલ (૨)

શબ્દાવલી ૪૯૩૮ના જવાબ

આડી ચાવી :- (૧) ભાવનાપ્રધાન (૬) મસા (૭) વાનર (૯) વાતાવરણ (૧૦) રણ (૧૧) ચુરમુ (૧૩) કપ (૧૫) ડુગતક (૧૬) લફરા (૧૮) હોકારો (૧૯) પંખો (૨૦) કોરોકટ (૨૧) રકમ

ઊભી ચાવી :- (૧) ભારવાહક (૨) નામવર (૩) પ્રસારણ (૪) નવા (૫) હીર (૮) નફરત (૧૧) ચુગલીખોર (૧૨) મુકડદમ (૧૪) પલકારો (૧૭) ફરોક (૧૮) હોકો

ઠુંકી મુદતની નિવિદા

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરમાં સરકારી કામકાજના ફોટો કોપીંગ, સ્પાઈરલ બાઈન્ડીંગના કામ માટે કચેરીમાં ઝેરોક્ષ મશીન મુકવા સાથે સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

તે માટે રસ ધરાવતી સ્થાનિક એજન્સીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૭-૧-૨૦૧૩ના રોજ ૧૪-૦૦ કલાક સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની વહીવટી શાખામાંથી રૂ. ૧૦૦/- ભરી રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમિયાન તે અંગેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી શકાશે. નિયત નમુનામાં સીલબંધ કવરમાં ટેન્ડર તા. ૧૫-૧-૨૦૧૩ના રોજ ૧૫-૦૦ કલાક સુધીમાં મળી રિહે તે રીતે રજીસ્ટર પોસ્ટ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે.

ટેન્ડરની વિગતો વેબસાઈટ www.ruraldev.gujarat.gov.in ઉપર જોઈ શકાશે.

સહી/-
અધિક કમિશનર
ગ્રામ વિકાસ - ગુજરાત રાજ્ય
ગાંધીનગર

માહિતી/૧૮૯૪/૧૨-૧૩

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર

ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા પર્યાવર જાગૃતિ અન્વયે કરવામાં આવેલ શિક્ષકો માટેની તાલીમ અંતર્ગત મળેલ પ્રતિભાવોની એંટ્રી કરી તેના મુલ્યાંકન તથા તેના અહેવાલ બનાવવાની કામગીરી કરવા દરખાસ્ત મંગાવવામાં આવે છે.

ઉપરોકત કામગીરી માટે સરકારશ્રી સાથે ઓછામાં ઓછા ત્રણ વર્ષની આવા પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતી સંસ્થાઓએ તેઓની દરખાસ્ત સીલ કવરમાં તા. ૧૦-૧-૧૩ સુધીમાં નીચેના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવી. આ અંગેની વધુ જાણકારી કચેરીએથી મળી શકશે.

નિયામકશ્રી, ગુજરાત ઈકોલોજી કમિશન,
બ્લોક નં. ૧૮, પહેલો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૧૧

માહિતી/૧૮૯૮/૧૨-૧૩